શું તું અઝાનનો અવાજ સાંભળે છે?» તેણે કહ્યું: હા, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: «તો તેનો જવાબ આપ» (અર્થાત્ નમાઝ પઢવા માટે મસ્જિદમાં જાઓ)

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: એક અંધ વ્યક્તિ નબી صلى الله عليه وسلم
પાસે આવ્યો અને કહ્યું: હે અલ્લાહના રસૂલ ! મને ટેકો આપી મસ્જિદ લાવનાર કોઈ નથી,
અર્થાત્ તેમણે નબી صلى الله عليه وسلم પાસે ઘરમાં નમાઝ પઢવાની પરવાનગી માંગી, તો નબી صلى الله عليه وسلم એ તેને પરવાનગી
આપી દીધી, જ્યારે તે પાછો ફર્યો તો નબી صلى الله عليه وسلم એ તેને ફરી બોલાવ્યો અને કહ્યું: «શું તું અઝાનનો અવાજ સાંભળે છે?» તેણે કહ્યું: હા, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: «તો તેનો જવાબ આપ»
(અર્થાત્ નમાઝ પઢવા માટે મસ્જિદમાં જાઓ). [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

એક અંધ વ્યક્તિ નબી صلى الله عليه وسلم પાસે આવીને કહે છે કે હે અલ્લાહના રસૂલ ! મારી મદદ કરનાર કોઈ નથી કે તે મારો હાથ પકડી મને પાંચેય નમાઝ માટે મસ્જિદ તરફ લઈ આવે, હકીકતમાં તે વ્યક્તિ ઈચ્છતો હતો કે નબી صلى الله عليه وسلم તેને ઘરમાં નમાઝ પઢવાની પરવાનગી આપી દે, તો નબી صلى الله عليه وسلم એ અનુમતિ આપી દીધી, પરંતુ જ્યારે તે પાછો જવા લાગ્યો, તો નબી صلى الله عليه وسلم એ તેને બોલાવ્યો અને કહ્યું: શું તમે અઝાન સાંભળો છો? તેણે જવાબ આપ્યો: હા, હું સાંભળું છું, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: તો તમારે નમાઝ માટે બોલાવનારનો જવાબ આપવો પડશે.

https://sunnah.global/hadeeth/gu/show/11287